VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY
*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*
**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# વલ્લભભાઈ પટેલ – સવાયા સરદાર

## ડૉ. સંગીતા પટેલ

**આસિસ્ટન્ટ પ્રૉફેસર,સમાજશાસ્ત્ર વિભાગ**
**ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ**

## પ્રસ્તાવના

'સરદાર વલ્લભભાઈ પટેલ' નામની સાથે જ એક વિશાળ, વૈશ્વિક વ્યક્તિત્વ જોડાયેલું છે. ભારતની આઝાદી, ભારતની એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર જાહેર જીવનમાં જેટલા સ્પષ્ટ અને ચોક્કસ રહ્યા છે તેટલા તેમના કૌટુંબિક જીવનમાં નથી રહ્યા એવું ચોક્કસ કહી શકાય અને એનું મૂળ શોધીએ તો જણાય છે કે સરદારે પ્રથમ સ્થાને દેશને અને બીજા સ્થાને કુટુંબને રાખ્યું હતું. ભારતની આઝાદી બાદ સત્તા પર આવ્યા પછી તમામ કુટુંબીજનોને સરદારની સ્પષ્ટ અને કડક સૂચના હતી કે "હું સત્તા પર છું ત્યાં સુધી દિલ્હીમાં ફરકવું પણ નહીં. બને તો વિંધ્ય પાર ન કરવો." આટલું મોટું રાજકીય પદ મેળવ્યા પછી આવી સૂચના 'નેશનલ ફિગર' સરદાર જ આપી શકે એમાં કોઈ બે મત નથી. સરદાર અને તેમના કાર્યોનું મૂલ્યાંકન માત્ર 'સરદાર' થકી થઇ શકે. એમાં અન્ય કોઈની આવશ્યકતા નથી. કારણ સરદાર પોતે જ એટલા ઉચ્ચ ગજાના છે કે અન્યના સહારાની જરૂર નથી. સન ૧૯૪૬ માં અંગ્રેજી અધિકારી વેવેલ સરદારને પહેલી વાર મળે છે અને એ અનુભવ પોતાની ડાયરીમાં નોંધતા લખે છે. કે "આજે સવારે વલ્લભભાઈ પટેલને પહેલી જ વખત મળ્યો. તેમનું વ્યક્તિત્વ બહુ આકર્ષક નથી, સ્વભાવે કડક છે પણ મને મળેલા તમામ હિન્દી રાજનેતાઓમાં તે સૌથી વધારે મરદ માણસ છે."

પ્રસ્તુત અભ્યાસ લેખમાં પોતાનું સમગ્ર જીવન દેશને સમર્પિત કરનાર સરદાર પોતાના કુટુંબ અને ખાસ કરીને પોતાના સંતાનો મણિબહેન અને ડાહ્યાભાઈ પ્રત્યે કેટલા પ્રેમાળ પિતા હતા તે જાણવા – સમજવાનો પ્રયાસ કર્યો છે.

## સરદારનું કુટુંબ જીવન:

સરદાર વલ્લભભાઈ પટેલની સત્તાવાર જન્મતારીખ ૩૧ મી ઓક્ટોબર, ૧૮૭૫ ગણવામાં આવે છે પણ સરદારે ૧૯૩૪ માં પોતાના એક સાથીદારને પત્રમાં લખ્યું હતું કે 'તમે ભાગ્યશાળી છો કે તમને જન્મદિવસ ચોક્કસ યાદ છે."

છ ગામ પરગણાના પાટીદાર ઝવેરભાઈ અને લાડબાઈના છ સંતાનોમાં વલ્લભભાઈનો નંબર ચોથો હતો. ૧૭માં વર્ષે ગણા (ગાના) ગામના વતની (છ ગામથી બહારનું પરગણું) ઝવેરબા સાથે થયું. પત્ની ઝવેરબા તેમનાથી ચાર-પાંચ વર્ષ નાના હતા. લગ્ન બાદ વલ્લભભાઈએ અભ્યાસ ચાલુ રાખ્યો અને એ સમયે પત્ની ઝવેરબા તેમના પિયરમાં રહેતા હતા. લગ્નના આઠ વર્ષ પછી વલ્લભભાઈએ પ્લીડરની પરીક્ષા પાસ કરી અને ગોધરામાં વકીલાત શરૂ કરી. એ વખતે તેમણે ઝવેરબાને તેડાવી લીધા. લગભગ બે વર્ષ ગોધરામાં ગાળ્યા પછી વલ્લભભાઈ – ઝવેરબા બોરસદ આવ્યા. એપ્રિલ ૧૯૦૪ માં મણિબહેન અને ૧૯૦૫ નવેમ્બરમાં પુત્ર ડાહ્યાભાઈનો જન્મ થયો. વલ્લભભાઈ એક બાહોશ વકીલ તરીકે ઉભરી રહ્યા હતા, પોતાની કારકિર્દીને વધુ ઊંચાઈએ લઇ જવા ઇંગ્લેન્ડ જઈ બેરીસ્ટરની પદવી લેવા વલ્લભભાઈએ કમર કસી. વી. જે. પટેલ નામે પાસપોર્ટ પણ તૈયાર થઈને આવી ગયો અને વલ્લભભાઈની જગ્યાએ વિઠ્ઠલભાઈ જે પટેલ (મોટાભાઈ) બેરીસ્ટર બનવા ઇંગ્લેન્ડ જતા રહ્યા એ પ્રસંગ જાણીતો છે. અહીં વલ્લભભાઈનો કુટુંબ પ્રેમ અને કુટુંબ માટે જતું કરવાની ભાવના જોઈ શકાય છે. મોટાભાઈ વિઠ્ઠલભાઈના પરદેશગમન પછી ભાભીની સારસંભાળ રખાવ માટે વલ્લભભાઈ તેમને પોતાને ઘરે લઇ આવ્યા પરંતુ તેમના પત્ની ઝવેરબા અને ભાભી વચ્ચે મનમેળ ન આવ્યો અને ઝઘડા શરૂ થયા. તેના ઉકેલરૂપે વલ્લભભાઈ પોતાની પત્ની ઝવેરબાને બાળકો સાથે પિયર મોકલી આપ્યા. વિઠ્ઠલભાઈ ૧૯૦૮માં બે-અઢી વર્ષે

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

પાછા આવ્યા, ત્યાં સુધી પતિ-પત્ની અલગ રહ્યા. પોતાના અંગત સુખને બાજુ પર રાખી સામાજિક દાયિત્વને મહત્વ આપવાની દ્રષ્ટિ સરદારમાં 'ઇનબિલ્ટ' હતી. એ આ ઘટના પરથી કહી શકાય.

વલ્લભભાઈ – ઝવેરબાના દામ્પત્યજીવન 'તાંતણા ફરી ગૂંથાતા હતા તે અરસામાં જ ઝવેરબાને આંતરડાની બિમારી થઇ. રૂઢીચુસ્ત સમાજ અને કુટુંબની સામે જઈને વલ્લભભાઈ પત્નીને મુંબઈ સારવાર માટે લઇ ગયા અને 'કામા' હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. ઝવેરબાનું આંતરડાનું ઓપરેશન કરવાનું ડૉકટરોએ કહ્યું પણ થોડા દિવસ બાદ અને પત્નીની તબિયત સુધારા પર હોવાથી વલ્લભભાઈ બોરસદ આવી ગયા અને વ્યવસાયમાં લાગી ગયા. સામે છેડે ઝવેરબાની તબિયત અચાનક બગડતા ડૉકટરોએ તાત્કાલિક ઓપરેશન કરવું પડ્યું. ઓપરેશન સફળ પણ રહ્યું. પરંતુ બીજા દિવસે ઝવેરબાની તબિયત વધુ બગડી અને તેમનું અવસાન થયું. આ અંગેના સમાચાર તાર દ્વારા ચાલુ અદાલતે સરદારને મળ્યા પરંતુ કેસની ગંભીરતાને અગ્રતા આપી પત્નીના આકસ્મિક મૃત્યુનો કડવો ઘૂંટડો પી ગયા. એટલે કહી શકાય કે કુટુંબ હોય કે વ્યવસાય વલ્લભભાઈની કર્તવ્યનિષ્ઠા અવ્વલ જ રહી. ઝવેરબાના મૃત્યુ પછી બે બાળકોની જવાબદારી પોતે ઉપાડી આજીવન બીજા લગ્ન નહિ કરવાનો નિર્ધાર કર્યો અને પાળ્યો. અહીંથી જ એક દીર્ઘદ્રષ્ટા પિતાના દર્શન થાય છે.

## સવાયા પિતા 'સરદાર'

પુત્રી મણિબહેન અને પુત્ર ડાહ્યાભાઈના ઉછેર અને શિક્ષણમાં સરદારે પૂરતું ધ્યાન આપ્યું છે. એ વર્ષોમાં તેમના સંતાનો અંગ્રેજી, ફ્રેંચ અને સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરતા હતા. તેમના સંતાનો વચ્ચેનો પત્રવ્યવહાર પણ અંગ્રેજીમાં થતો હતો. પોતે બેરીસ્ટરની પદવી માટે ઇંગ્લેન્ડ ગયા ત્યારે બાળકોને બોમ્બે વિઠ્ઠલભાઈના ઘરે અભ્યાસ માટે મૂક્યા હતા. સરદારની પિતાની ભૂમિકા તેમણે મણિબહેન અને ડાહ્યાભાઈને લખેલા પત્રો પરથી સમજી શકાય છે.

સરદાર જન્મશતાબ્દી ગ્રંથ-૩ જેનું સંપાદન સરદારના પુત્રી મણિબહેન પટેલે કર્યું છે. તેમાં સંતાનો સાથેનો પત્રવ્યવહાર સમાવિષ્ટ છે. આ પત્રોનું વિશ્લેષણ કરીએ તો મણિબહેનને સંબોધીને ૧૦૨ પત્રો છે, પુત્ર ડાહ્યાભાઈને સંબોધીને ૮૩ પત્રો છે, પુત્રવધુને સંબોધીને ૧૨ પત્રો છે અને પૌત્ર વિપીનને સંબોધીને ૯ પત્રો છે.

જાહેર જીવનમાં પડ્યા પછી પણ સરદારે સતત પત્રોથી સંતાનોના સંપર્કમાં રહેવાનો પ્રયાસ કર્યો છે અને પુત્રી મણિબહેન પટેલનું તો એ રીતે સામાજીકરણ થયું કે એક સમય એવો આવ્યો કે પુત્રી (મણિબહેન) પિતાને (સરદાર) સાચવતા થઇ ગયા. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાયેલા તમામ અદના નેતાઓમાં ભાગ્યે જ કોઈ નેતાના સંતાન આ રીતે સ્વરાજના રંગે રંગાઈ, સ્વરાજને સમર્પિત થયા હશે અને એટલે જ વલ્લભભાઈ 'સવાયા પિતા સરદાર' છે.

સરદારના પત્રોમાં જોઈએ તો છેલ્લે 'તબિયત જાળવજો', 'આનંદમાં રહેજો', ચિંતા કરશો નહિ', 'મન શાંત રાખી આનંદમાં રહો', 'મજામાં રહેજો', 'અધીરાઈ ન કરશો', 'ધીરજથી કામ કરજો', 'મારી ચિંતા કરશો નહીં' વગેરે દ્વારા તેઓ સતત પુત્રી મણિબહેનનો આત્મવિશ્વાસ વધારતા હતા અને દરેક પરિસ્થિતિ માટે તૈયાર કરતા હતા. સંતાનોને દરેક પત્રમાં માનવાચક સંબોધન આપી આગવી રીતે પ્રેમ પ્રદર્શિત કરતા.

અત્રે કેટલાક ઉદાહરણરૂપ પત્રો ને આધારે સરદારની કૌટુંબિક ભૂમિકા સમજાવવા પ્રયાસ કર્યો છે.

## મણિબહેન વર્ધા આશ્રમ પહોંચ્યા એ સમય (૦૪.૦૧.૧૯૨૬)નો સરદારનો પત્ર

ચિ. મણિબહેન,

મારો કાગળ મળ્યો. જમનાલાલજીનો તાર પણ મળી ગયેલો. જમનાલાલજીનું ઘર આપણું પોતાનું ઘર હોય એમ સમજવું અને સૌ.જાનકીદેવી સાથે તમારે પરિચય છે એટલે કંઈ હરકત પડવી જોઈએ નહીં. કંઈ પણ હરકત પડે તેમ હોય તો કહેવાને અચકાવું નહિ.... તમારા પોતાના અભ્યાસનું કામ પણ થોડું ઘણું ચાલુ રાખજો. વિનોબાને કહેશો તો સંસ્કૃત સરસ શીખવાડશે. હિન્દી અને અંગ્રેજીનો અભ્યાસ ચાલુ રાખવો... તબિયત સંભાળજો, ત્યાં ખાવાનું ન ફાવે તો અનુકૂળ સગવડ

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

માંગી લેજો. જાહેરજીવનની સાથે સાથે સ્વ શિક્ષણ અને વ્યક્તિગત અનુકૂલનનું મહત્વ બહુ સરળ, સહજ અને પ્રેમાળ શબ્દોમાં સરદારે મણિબહેનને સમજાવ્યું છે.

❖ **"સ્વરાજ આશ્રમ બારડોલીથી (૧૫.૧૦.૧૯૨૯) મણિબહેનને પત્રમાં જણાવે છે કે**

યશોદા (ડાહ્યાભાઈના પહેલા પત્ની) પાસે કામ કરાવવું એ તો એની ઈચ્છા હોય તો જ બની શકે. આપણાંથી પ્રયત્ન થઇ શકે એટલો કરવો એનું દિલ ન દુખાય અને કહી શકાય તેટલું જ કહેવું. બાળક જેવું મન થઇ ગયું છે. એટલે કહેવાથી ઊલટું વિશેષ દુ:ખ થાય." અહીં સરદાર પુત્રવધુની તબિયતની વધુ ચિંતા કરે છે અને પુત્રી મણિબહેનને સમજાવે છે.

❖ **યરવાડા થી ૦૩.૧૦.૧૯૩૦ નો પત્ર જોઈએ તો,**

સાબરમતી ગયા પછી તમને તાવ આવેલો એમ તેમના કાગળ પથી જાણ્યું. હવે આરામ થઇ ગયો હશે. ત્યાં આ ઋતુમાં મેલેરિયા થાય છે, એટલે જરા સંભાળ રાખવી જોઈએ.... તબિયત બરાબર સંભાળજો. સાથે બાપુની ગીતા અને આશ્રમ ભજનાવલી હશે તેનો ઉપયોગ બરાબર કરજો. જેલના નિયમો બરાબર પાળવા અને જેલર અને સુપરીટેન્ડન્ટને પણ આપણા વર્તનથી જીતી લેવાનો પ્રયત્ન કરવો. શિયાળામાં ટાઢ પડશે, તે વખતે ઓઢવા માટે કપડાં જોઈએ તો નંદુબહેનને ખબર આપજો... જેલ કમિટીમાંથી કોઈ મળવા આવે તો તેમની સાથે પણ ઠીક સભ્યતાથી જ વાત કરવી... એકબીજાના તબિયતના સમાચાર મળી શકે એટલે બસ, તમારી સાથે બીજી બહેનો હોય તો તેમની મહોબત કરજો અને તેમને ખૂબ જ ધીરજ અને હિંમત આપજો." પિતા-પુત્રી બંને સ્વરાજની લડાઈમાં જેલમાં હોય અને પિતા શાંત ચિત્તે પુત્રીની ચિંતા પણ કરે. જેલના નિયમો પણ સમજાવે અને મનોબળ મજબૂત બનાવે અને અન્યોને પણ સાચવે એવો બહુ ઓછા શબ્દોમાં ઘેઘૂર વડલા સમો સૂર સરદાર વ્યક્ત કરે છે.

❖ **યરવાડા આશ્રમ (૧૩.૧૦.૧૯૩૦) નો પત્ર**

"મેજર સાહેબ બહુ ભલા છે. એટલે એમનાથી બનશે એટલી સગવડ આપશે. પણ એ ધારે તેટલું કરી શકે તેમ નથી. એટલે આપણે તો જેટલું વેઠવાનું આવી પડે તેટલું વેઠવું. બંગડીને માટે લડવું પડે તે નવાઈની વાત છે, છતાં એ વિશે તમને બધા જે ઠીક લાગે તે કરજો... સૌ બહેનોની સંભાળ રાખજો અને સૌને બહાદૂર બનાવી મોકલજો. વાંચવાનો સમય ન મળે તેની કંઇ ચિંતા કરવાનું કારણ નથી. કાંતવાને માટે પણ વખત મળે તો જ કાંતજો. બાકી ત્યાંના કામોમાં જેટલો વખત આપવો પડે તેટલો આપવો." સાબરમતી મધ્યસ્થ જેલમાં અંગ્રેજ અમલદારોએ બંદી બનાવેલ બહેનોને બંગડી કાઢવાની ફરજ પાડેલી તેનો સખત વિરોધ બહેનો કરતી હતી. મણિબહેન સમાધાનરૂપે સૂતરની આંટી ગૂંથી બંગડી બનાવી દીધી અને જેલરને મનાવી લીધા. આ સૂઝ પિતાના શબ્દો, અચાર અને આચારણના સમન્વયમાંથી મળી હતી.

❖ **યરવાડા આશ્રમ (૧૭.૦૭.૧૯૩૨) નો પત્ર**

ચિ. ડાહ્યાભાઈના વિવાહના સંબંધમાં જે પૂછે તેને આપણે સભ્યતાથી માત્ર એટલો જ જવાબ આપવો કે ડાહ્યાભાઈ પોતાની ઈચ્છામાં આવશે તેમ કરશે. એ સમજુ છે અને પાકી ઉંમરના છે. તેમને એ વિષયમાં કોઈની સલાહની જરૂર નથી અને બીજાની સલાહ એમાં કામમાં ન આવે એટલું જ કહેવું. કોઈને દુ:ખ લાગે તેનું કહેવાની શી જરૂર? લોકો તો સમાજના રિવાજ પ્રમાણે પૂછે – તેથી શું? ડાહ્યાભાઈ શું કરશે એ કહેવું મુશ્કેલ છે. અત્યારથી આખી ઉંમર એકલા કાઢવી એ પણ કઠણ છે. તેમ બીજી ઉપાધિમાં પડવું એ પણ કઠણ છે. બેમાંથી કયો માર્ગ લેવો એનો નિર્ણય એ પોતે જયારે વખત આવશે ત્યારે વિચારી લેશે. અત્યારે તો એને કંઈ પુછાય નહી ! એને તાજો ઘા લાગ્યો છે તે રુઝાતા વખત લાગશે. વર્ષ બે વર્ષ પછી એની ઈચ્છા ફરી લગ્ન કરવાની થશે તો ભલે કરતો અને નહીં કરવું હોય તો તે પણ સારું છે. અંગ્રેજો સામેના વિરોધમાં સમગ્ર દેશનું સૂકાન સંભાળનાર સરદાર પોતાના પુત્રને પૂરતી સ્વતંત્રતા આપે છે. પોતાનો નિર્ણય સંતાનો પર થોપતા નથી. પરંતુ સમજાવટથી સંતાનો સાથે ઉભા રહી તેમને નિર્યણ લેવામાં મદદ કરે છે.

http://vidyajournal.org

❖ **સેન્ટ્રલ પ્રિઝન નાસિક રોડ તારીખ (૨૦.૧૧.૧૯૩૩)**

સ્વરાજની લડતમાં પૂજ્ય કસ્તુરબા ફરીવાર જેલની સજા વહોરી લેવા માંગતા હતા અને મણીબહેન પણ બાની સાથે જોડાવા માંગતા હતા. એ સમયે મણીબહેનની મૂંઝવણને દૂર કરવા સરદાર પત્રથી જણાવે છે કે 'તમારું મન દ્રઢ હોય તો બાનો સાથ ન છોડવો એ જ બરાબર છે. જો બે-ચાર દિવસ વધારે રોકાવાની જરૂર લાગે તો બાને સમજાવી શકાય અને એ રોકાય તો જ રોકાવું. પણ બાની રોકાવાની ઈચ્છા ન હોય તો તમારે એમનો સાથ ન છોડવો એમ મારી સલાહ છે પણ જો તમારું મન જ એમ કહેતું હોય કે હવે બાકી જેટલું રહ્યું છે તેટલું પૂરું કરી લેવું તો તમારી ઈચ્છા પ્રમાણે કરવું... જે સ્થિતિ આવી પડે તે આનંદથી સહન કરી લેવી એ જ ધર્મ છે. પછી જે કામ માટે જવાનું થાય કે ઉત્તમ છે એવી મનને ખાતરી થઈ હોય તો પછી ચિંતા રહેવી જ ન જોઈએ... અમદાવાદમાં જેને મળવું હોય તેને મળી લેજો શરીરની જેટલી સંભાળ રાખી શકાય તેટલી રાખજો.' સ્વરાજની લડતની ધૂરા સંભારનાર વ્યક્તિ જે સમગ્ર લડતની દિશા નક્કી કરે છે તે પોતાની પુત્રીને જીવનનું તત્વજ્ઞાન જેલમાંથી સમજાવે છે, છતાં પોતાના નિર્ણય થોપતા નથી અને બહુ કુનેહથી પુત્રીને કોઈપણ પરિસ્થિતિમાં કસ્તુરબાનો સાથ ન છોડવાનું જણાવે છે રાષ્ટ્રને સમર્પિત છવાયા સરદાર જ આ દ્રઢતા દાખવી શકે.

❖ અહમદનગર ફોર્ટ (૧૭.૧૦.૧૯૪૪)

"તમને છાપાઓમાંથી ખબર પડી હશે કે હવે અમને મુલાકાતો માટે રજા મળવાની છે. સવા બે વર્ષ પછી એટલી મોટી મહેરબાની કરવાનું કેમ સૂઝ્યું એ ખબર નથી!... મારા જેવાને પોતાના જાણકાર ડોક્ટરની સલાહ મેળવવાની પણ રજા ન મળી! હવે આવી મુલાકાત નો શું અર્થ! આજના સંજોગોમાં કોણ સ્વમાનવાળો એવી મુલાકાત નો ઉપયોગ કરે? એટલે મેં ડાયાભાઈ ને ખબર આપી કે અહીં મને મળવાની ખટપટમાં ન કોઈ પડે...! આવતી કાલે વર્ષ બદલાય છે. આજકાલ કરતા કરતા અહીં બે વર્ષ નીકળી ગયા અને આ ત્રીજું શરૂ થયું. વખત કેટલો જલ્દી ચાલી જાય છે? આ નવું વર્ષ તમને બધાને સર્વ પ્રકારે સુખરૂપ નિવડે એવી મારી આશિષ છે. જગતમાં પણ આ વર્ષમાં વિશ્વયુદ્ધ બંધ થાય અને શાંતિ થાય એવું પ્રભુ પાસે માંગીએ. ઈશ્વર માણસોને સુમતી આપે અને આવા ખૂનખાર વિગ્રહોઓ છોડી સુખ શાંતિથી રહેવાનું પસંદ કરે એવી પ્રાર્થના કરીએ." બે વર્ષથી સતત જેલમાં રહ્યા હોય, કોઈને મળવાની છૂટ ન હોય અને અચાનક છૂટ મળે તો એને બહુ સ્વમાનભેર ઠુકરાવી દેવાની હિંમત સરદાર જ કરી શકે અને પિતૃહૃદય જાણે છે કે સંતાનો પિતાને જેલમાં જોઈ દુઃખી થશે એના કરતાં પત્રથી એકબીજાને મળતા રહેવાનું સરદારે વધુ પસંદ કર્યું. અહીં નીડર, સ્વમાની સંતાનોથી દૂર પણ સંતાનો સાથે સમસંવેદનાથી જોડાયેલા સવાયા પિતા સરદારના દર્શન થાય છે. આવી વિકટ પરિસ્થિતિમાં પણ સમગ્ર વિશ્વનું કલ્યાણ સરદાર ચાહે છે. આ સ્થિતપ્રજ્ઞતા, કર્તવ્યનીસ્થા એ સરદારને વૈશ્વિક નેતા બનાવે છે.

## ઉપસંહાર

સ્વમાન, નિડરતા, કર્તવ્યનિષ્ઠા, આત્મવિશ્વાસ, દેશપ્રેમ, દેશદાઝ, વૈશ્વિક કલ્યાણ વગેરે સરદારના વ્યક્તિત્વના અનેક પાસાઓ વિવિધ ઘટનાઓ પ્રસંગોમાં વ્યક્ત થતા રહ્યા છે. સરદાર જેને જે રીતે ગમ્યા એ રીતે મુલાવ્યા છે. પરંતુ સરદારના કુટુંબ જીવન અને સંતાનો સાથેના સંબંધોમાં 'સવાયા પિતા સરદાર' ચોક્કસ કહી શકાય. સમકાલીન સમયમાં બાળકોના સામાજીકરણના પ્રશ્નો વિવિધ માધ્યમો થકી વ્યક્ત થતા રહે છે ત્યારે સરદારની પિતાની ભૂમિકાને સુક્ષ્મ રીતે વાંચવાની, અભ્યાસ કરવાની, સમજવાની અને સમજાવવાની તાતી આવશ્યકતા છે અને કદાચ આ રીતે આપણે સરદારની દોઢસોમી જયંતિએ તેમને અંજલી આપી શકીશું.

## સંદર્ભ સૂચિ

1. સરદારશ્રીના પત્રો-૩, પુત્રી મણિબહેન અને સગાવહાલાંઓને, જન્મશતાબ્દી ગ્રંથ-૩, સંયોજક-સંપાદક- મણિબહેન વ. પટેલ, નવજીવન પ્રકાશન
2. સરદાર પટેલ – એક સમર્પિત જીવન, રાજમોહન ગાંધી, નવજીવન પ્રકાશન

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537
3. સરદાર – સાચો માણસ, સાચી વાત, ઉર્વીશ કોઠારી, સત્ય મીડિયા, અમદાવાદ
4. સરદાર@૧૫૦ , હસિત મહેતા, ગુજરાત સમાચાર કૉલમ.
5. હિંદના સરદાર, રાવજીભાઈ પટેલ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૨૦૧૩
6. The Sardar of India Biography of Vallabhbhai Patel, P.N. Chopra, Konark publishers, 2017
7. Inside Story of Sardar Patel – The Diary of Maniben Patel: 1936-50, Editor – P.N. Chopra, Vision Books, New Delhi - 2001
8. Sardar Patel Speeches,Prasar Bharti Archives
9. https://youtu.be/Vx9nPyxLSSo?si=XW0U-H1Dr_DgqMFN
http://vidyajournal.org